સંક્ષિપ્ત સમાચાર

ધાનેરા પોલીસ દ્વારા ટ્રાફિક કરતા વાહનો ડીટેઈન : વાહનચાલકોમાં ફફડાટ

બનાસકાંઠાના ધાનેરાની ટ્રાફિક પોલીસ દ્વારા શહેરી ટ્રાફિક કરતા વાહનો સામે લાલ આંખ કરતા વાહનચાલકોમાં ફફડાટ મચી જવા પામી હતી. ટ્રાફિક અડચણરૂપ વાહન કર્યા ડીટેઈન. ધાનેરા ટ્રાફિકની સમસ્યાથી લોકો હેરાન થઈ રહ્યા છે અને ધાનેરા શહેર ટ્રાફિકના લીધે લોકોને કલાકો સુધી હેરાન થવું પડે છે અને ઈમરજન્સી વાહનો પણ ટ્રાફિકમાં અટવાઈ જાય છે. લોક દ્વારા ટ્રકાફિક બાબતે ધાનેરા પોલીસને જાણ કરતા આજે ધાનેરાની ટ્રાફિક પોલીસે ટ્રાફિક કરતા વાહનો સામે લાલ આંખ કરી હતી અને ટ્રાફિકને અડચણરૂપ વાહનો ડીટેઈન કરી દંડ વસુલ્યો હતો.

ધાનેરા રેલવે સ્ટેશન પાસે યુવકે ટ્રેન પર કુદી આત્મહત્યાની કરી કોશિશ

ધાનેરા રેલવે સ્ટેશન પાસે યુવકે ટ્રેન પર કુદી આત્મહત્યાની કોશિશ કરતા ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ ધાનેરા ૧૦૮ને કરતા ૧૦૮ તાત્કાલિક ઘટનાસ્થળ પર આવી યુવકને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

જીણાભાઈ હરચંદભાઈ નામનો યુવક આજે ધાનેરા અગવાલ પાસે આવેલા રેલવે બ્રીજ પરથી જોધપુરથી ભીલડી જઈ રહેલી પેસેન્જર ટ્રેન પર કુદકો મારતા લોકોના ટોળે-ટોળા ઉમટી પડ્યા હતા અને યુવકને જઈ જોતા યુવક જીવિત હાલતમાં હતો અને લોકો દ્વારા ૧૦૮ને જાણ કરતા ૧૦૮ના ભરતભાઈ પોતાની ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળ પર પહોંચી ઘાયલ યુવકને સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડ્યો હતો. જ્યાં યુવકના ખિસ્સામાંથી એક સુસાઈડ નોટ મળી હતી અને તેમાં કેટલાક લોકોના નામ લખેલા હતા અને જણાવ્યું હતું કે આ લોકોના કારણે મારે આત્મહત્યા કરવી પડે છે.

સીસોદરા(મે) ગામે સિદ્ધેશ્વર મહાદેવના મંદિરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ઉજવાયો

સમગ્ર ભારત દેશમાં ધાર્મિક મંદિરોનું અનેરૂ મહત્વ રહ્યુ છે ત્યારે અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના સીસોદરા(મે) ગામે આવાજ એક સિદ્ધેશ્વર મહાદેવના મંદિરનું એક વર્ષ અગાઉ ભવ્ય નિર્માણ કરવામાં આવ્યું હતું અને મંદિરની પ્રાણપ્રતિષ્ઠા એક વર્ષ અગાઉ ભવ્ય ધામધૂમથી કરવામાં આવી હતી ત્યારે આ મંદિરનું પ્રથમ વર્ષ ૧ જાન્યુઆરીએ પૂર્ણ થતાં આ મંદિરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ મંદિરના પટાંગણમાં ઉજવવામાં આવ્યો હતો. આ પોટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવ નિમિત્તે નવચંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પાટોત્સવની ભવ્ય ઉજવણી સિદ્ધેશ્વર મહાદેવના મંદિરે ભક્તિમય વાતાવરણમાં ભવ્ય ધામધૂમથી કરવામાંઆવી હતી. આ મંદિરના પ્રથમ વાર્ષિક પાટોત્સવમાં આજુબાજુના ઘણા બધા શ્રદ્ધાળુઓએ ભાગ લીધો હતો અને પ્રથમ વાર્ષિક પાટોત્સવનો અનેરો લાહવો લીધો હતો તેમજ નવચંડી હવન બાદ પ્રસાદી સ્વરૂપે દરેક શ્રદ્ધાળુઓને ભોજન પીરસવામાં આવ્યુંહતું. આમ આ મંદિરે ગામના યુવાનો અને અગ્રણીઓ દ્વારા આ પાટોત્સવનું ભવ્ય આયોજન કરી સિદ્ધેશ્વર મહાદેવના મંદિરનો પ્રથમ વાર્ષિક પાટોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આમ ભક્તિમય વાતાવરણમાં શાંતિપૂર્ણ રીતે આ પાટોત્સવ સંપન્ન થયો હતો.

થરાના ભલગામમાં 'જનતા રેડ' નામે દમન : આઠ વિરૂદ્ધ ફરિયાદ

બનાસકાંઠામાં થોડા સમયથી 'વ્યસનમુક્તિ' અભિયાન ચાલી રહ્યું છે. આ આવકારદાયક બાબત છે. જો કે તેનાથી આગળ વધી ઉત્સાહમાં જનતા રેડ કરતા કાર્યકરો કેટલાક કેસોમાં ઉન્માદિત બનતા જિલ્લામાં વિવિધ મુંડન બનાવો, તેમજ શારીરિક દંડ આપવાના બનાવો બનતા આ 'જનતા રેડ'ની 'બળ' વાપરવાની પદ્ધતિ પર સવાલો ઉભા થયા છે. આવાજ એક કેસમાં શિહોરીના ભલગાવમાં એક જ પરિવારના બે મકાનો પર જનતા રેડ અને લુંટફાટ તેમજ સગીરાની જાતીય સતામણીના કહેવાતા આક્ષેપોવાળી ફરિયાદ આઠ 'જનતા રેડ' સભ્યો પર નોંધાતા ચકચાર મચેલ છે.

બનાસકાંઠામાં વ્યસનમુક્તિ અભિયાન તળે અનેકો ગામ જોડતા ૪૦૦ જેટલા ગામોએ વ્યસન તિલાંજલિ આપવા જાહેરાત કરી છે. જેમાં ક્ષત્રિય સેનાએ ખાસ સેલ બનાવી જાતેજ જે તે ગામોમાં રેડ કરતા લોકોમાં ભય ફેલાયો છે. આવો જ એક ભયભીત અને પીડિત બનેલ પરિવાર બનાસકાંઠાના શિહોરી નજીકના ભલગામનો છે. આ બનાવની વિગત જોઈએ તો થરા નજીકના ભલગામ ગામે રહેતા મુકીબેન જવાનજી ઠાકોર પોતાના પતિ અને દિયર સાથે સંયુક્ત પરિવારના સભ્યો સાથે રહે છે. જેમના ઘેર ગત શનિવારે રાત્રી સમયે 'જનતા રેડ' કરવામાં આવી હતી, હાકોટા, પડકારા કરતા જનતા રેડના કહેવાતા સભ્યો અહી આવતા જ ઘરના મુખ્ય સભ્યો ભાગી છૂટ્યા હતા. ત્યારે આ લોકોએ આડેધડ ઘરવખરીની તોડફોડ કરી હતી અને મહિલાઓ સાથે અસભ્ય વર્તન કર્યુ હતુ. જેમાં એક કિશોર બલવંત ઠાકોરને માર મારી અધમુવો કરી દીધો હતો. એટલું જ નહિ તેનો હાથ ભાગી નાખ્યો હતો તેમજ બંને મકાનોમાંથી રોકડ રકમની અનુક્રમે ૮૦ હજાર અને ૧૧,૭૦૦ની લુંટ ચલાવી હતી. તે મતલબના આક્ષેપો વાલી ફરિયાદ મુકીબેન જવાનજી ઠાકોર દ્વારા કહેવાતા આરોપી એવા ઠાકોર ભુપતજી નાગજીજી, ઠાકોર પ્રધાનજી, ઠાકોર વિતાજી, ઠાકોર દજાજી, ઠાકોર રસીકજી, ઠાકોર સોમાજી, ઠાકોર જાલાજી સહીત ૫૦ થી વધુના ટોળા ઉપર મારામારી, લુંટ અને જાતીય સતામણીના આક્ષેપો વાલી લેખિત ફરિયાદ ડી.એસ. પી. બનાસકાંઠાને કરતા ચકચાર મચી છે.

આમ, શિહોરીની આ કહેવાતી 'જનતા રેડ'ના સભ્યોએ કાયદાનું ઉલ્લંઘન કરી કાઈમ કરતા આવા 'વ્યસનમુક્તિ' અભિયાન નામે થતા હુમલા પર કાયદાની લગામ લગાવવાની ચોમેરથી માંગ ઉઠવા પામી છે. આ બનાવ અને બનતા અન્ય બનાવો ચિંતા જન્માવે છે. કાયદા માટે પોલીસ છે. લોકોએ બનતા ગુનાની માહિતી આપવી જોઈએ તે બાદનું કામ પ્રશાસન અને પોલીસનું છે તેવું જણાવી કાયદાવિંદ અને ક્રિમીનલ લોયર ભરતભાઈ મેઢ આવા બનાવો અટકાવવા સરકાર પગલા લે તેવી અપીલ કરી હતી.

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ગામમાં શ્રી વિશ્વકર્મા બારેશી પંચાલ સેવા સમાજના સોળમો સમુહલગ્નોત્સવમાં આઠ નવદંપતીઓએ પ્રભુતામાં પગલા પાડ્યા હતા. શ્રી વિશ્વકર્મા બારેશી પંચાલ સેવા સમાજ પ્રમુખ પ્રણવકુમાર પંચાલ, મંત્રી જીતેન્દ્રકુમાર પંચાલના જણાવ્યા મુજબ સોળમા સમુહ લગ્નોત્સવમાં આઠ નવદંપતીઓએ પ્રભુતામાં કુંમકુંમ પગલા પાડ્યા હતા. શ્રી વિશ્વકર્મા બારેશી પંચાલ સેવા સમાજ, સમુહ લગ્નોત્સવ સમિતી, કારોબારી સભ્યો, પ્રતિનિધિઓ, બારેશી પંચાલ સમાજના અગ્રણીઓએ સમુહલગ્નોત્સવ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

પોલીસનું કામ જનતાએ કરતાં પોલીસકર્મીઓનું માથું શરમથી ઝુક્યું

ભિલોડા તાલુકાના જુના ખિલોડા ગામમાં દેશી દારૂના અડ્ડા ઉપર જનતા રેડ : રોષે ભરાયેલી મહિલાઓ, ગ્રામજનોએ દારૂના દેગડાં, ડબ્બા, પોટલીઓ ફેંકી દીધી

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જુના ખિલોડા ગામમાં ખુલ્લેઆમ દેશી દારૂનું ચલણ છેલ્લા કેટલાક સમયથી ખુબ જ વધ્યું હતું. જુના ખિલોડા ગામના ગ્રામજનોએ વારંવાર ઉગ્ર ધારદાર રજુઆતો કરવા છતાં પોલીસ તંત્ર ધ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવતી ન હતી.

આજે રોષે ભરાયેલા જુના ખિલોડાના ગ્રામજનોએ દેશી દારૂના અડ્ડાઓ ઉપર સ્વયં જનતા રેડ પાડી દેશી દારૂની પોટલીઓ, દારૂ ગાળવાના દેગડા, ડબ્બા ફેંકી દીધા હતા. જે કામ પોલીસને કરવાનું હતું તે કામ અરવલ્લી ક્ષત્રિય ઠાકોર સેના પ્રમુખ સંજયભાઈ ઠાકોરની રાહબરી હેઠળ જુના ખિલોડાના ગ્રામજનો ધ્વારા કરી દેવાતાં પોલીસની કામગીરી શંકાના દાયરામાં આવી ગઈ હતી.

અરવલ્લી જીલ્લા સહિત

ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર તેમજ ખિલોડા પંથકમાં છેલ્લા કેટલાક સમયથી દેશી, વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થાય છે તેમ છતાં આજ દિન સુધી ખાખી વર્દી ધ્વારા કોઈ જ નક્કર ન્યાયિક કાર્યવાહી કરવામાં આવી નથી. જેથી રોષે ભરાયેલા જુના ખિલોડાના ગ્રામજનોએ આજે દેશી દારૂના અડ્ડા ઉપર રેડ પાડી હતી. ગ્રામજનો ધ્વારા દેશી દારૂનો નાશ કરાયો હોવાનું જાણવા મળેલ છે. હવે જોવાનું એ કે પ્રજાજનો ધ્વારા આટલી કામગીરી કર્યા પછી પોલીસ કાર્યવાહી કરે છે કે કેમ? તેમ લોકમુખે ચર્ચાય છે.

મોડાસા વન વિભાગની ટીમે ૭ લાખનો ખેરના વૃક્ષોનો જથ્થો ઝડપ્યો

બાતમીના આધારે વન વિભાગની ટીમે પીછો કરતાં ટ્રક પલ્ટી ખાઈ ગઈ : ટ્રકમાં ભરેલા ૭ લાખની કિંમતના ૧૪ ટન ખેરનું લાકડું જપ્ત કરાયું

મોડાસા,તા. ૨

અરવલ્લી જિલ્લા વનવિભાગની ટીમને મળેલી બાતમીના આધારે માલપુર રોડ પર વોચ ગોઠવવામાં આવી હતી. ત્યારે ગેરકાયદેસર પાસ-પરમીટ વગર ખેરના વૃક્ષના ૧૪ ટન લાકડા ભરીને લઈ જતો ટ્રક વન વિભાગની ટીમે ઝડપી પાડ્યો છે. આ ગુનામાં સંડોવાયેલા ફરાર શખ્સોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

આધારભૂત સુત્રોના જણાવ્યા મુજબ અરવલ્લી જિલ્લા એસીએફ એન.પી. મેવાડા તથા આર.એફ.ઓ. કે.એચ. મકવાણાને મળેલી માહિતી મુજબ માલપુર-મોડાસા માર્ગ પર વોચ ગોઠવવામાં આવી હતી. તે દરમ્યાન મહારાષ્ટ્ર પાસિંગની ટ્રક નં. એમ.એચ.૧૮. એમ.૮૬૫૫માં ખેરના વૃક્ષોના લાકડાનો જથ્થો ભરીને આવતી ટ્રકના ચાલકે બેદરકારીભરી રીતે ડ્રાઈવિંગ કરી ટ્રકને રોડ સાઈડમાં પલ્ટી ખવડાવી દીધી હતી. જેના લીધે આ ટ્રકમાં ભરેલો ૭ લાખ રૂપિયાની કિંમતનો ૧૪ ટન ખેરના લાકડાનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ ખેરના લાકડાનો જથ્થો મહારાષ્ટ્ર બાજુથી આવતો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાય છે. પણ ટ્રક મુકીને ચાલક ફરાર થઈ ગયો હોવાથી વધુ માહિતી સમગ્ર ઘટનાની તપાસ બાદ જ માલુમ પડશે. આ ખેરના વૃક્ષોના જંગલો મહારાષ્ટ્ર, વલસાડ બાજુ વધુ આવેલા છે. પાનમાં નાખવામાં આવતા કાથો બનાવવા ખેરનું લાકડુ વપરાય છે. જેના લીધે આ વૃક્ષનું ગેરકાયદેસર કટીંગ કરી વહન કરવામાં આવતુ હોવાનું અરવલ્લી એસીએફ એન.પી. મેવાડાએ જણાવ્યું હતું. અરવલ્લી વન વિભાગે ટ્રક તથા લાકડાનો જથ્થો ચાંદટેકરી નર્સરીમાં જપ્ત કરી વધુ તપાસ આર.એફ.ઓ. કે.એચ. મકવાણા ચલાવી રહ્યા છે.

બેચરાજીમાં ૩૫૦ લાખ રૂપિયાના ખર્ચે આધુનિક ઔદ્યોગિક તાલીમ સંસ્થાના મકાનનું લોકાર્પણ

મહેસાણા, તા. ૨

મહેસાણા જિલ્લાના બેચરાજી ખાતે ત્રણ કરોડ પચાસ લાખના ખર્ચે તમામ સુવિધાયુક્ત આધુનિક ઔદ્યોગિક તાલીમ સંસ્થાના મકાનનું લોકાર્પણ શ્રમ અને રોજગાર મંત્રી વિજયભાઈ રૂપાણી, રાજ્યકક્ષાના મંત્રી દિલીપકુમાર ઠાકોર અને ગૃહરાજ્ય મંત્રી રજનીકાન્ત પટેલના હસ્તે કરાયું હતું. બેચરાજીમાં ઔદ્યોગિક તાલીમ સંસ્થા ૨૦૧૧થી કાર્યરત છે. આ સંસ્થાને સરકાર તરફથી ૧૧૯૮૪ ચોરસ મીટર જમીન ફાળવવામાં આવી છે. જેના ઉપર બિલ્ડીંગ, મલ્ટી પર્પઝ વર્કશોપ, વહીવટી બિલ્ડીંગ, ક્લાસરૂમ, કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટંટ લેબ, થીયરી રૂમનું સંયુક્ત સંકુલ બનાવવામાં આવ્યું છે. ૧૨૮ તાલીમાર્થીઓ સાથે શરૂ થયેલ સંસ્થામાં આજે ૪ વિવિધ ટ્રેડની ૧૨ બેટની ૨૦૪ બેઠકો મંજુર થયેલ છે. શ્રમ અને રોજગાર વિભાગ તરફથી ૫૯૮.૪૪ લાખની ગ્રાન્ટ ફાળવણી થયેલ છે. જેની સામે ૩૫૦.૪૦ લાખનો ખર્ચ થયેલ છે. સંસ્થાના પી.પી.પી. પાર્ટનર તરીકે મારૂતિ સુઝુકી ઈન્ડિયાલી હાલમાં કાર્યરત છે. સંસ્થામાં વેલ્ડર, વાયરમેન, ફીટર અને કોમ્પ્યુટર ઓપરેટર કમ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટની વિવિધ તાલીમ ચાલી રહી છે.

નવીન ઔદ્યોગિક તાલીમ સંસ્થાના મકાન લોકાર્પણ પ્રસંગે વાહન વ્યવહાર મંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે દેશમાં મોંઘવારી બેકારી અને ભ્રષ્ટાચાર મુળ સમસ્યા છે. આ સમસ્યાને જડમુળથી દૂર કરવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કામ કરી રહ્યા છે. દેશના યુવાનો

કામ માટેતૈયાર છે. જેઓને કામ મળી રહે તે માટે સરકાર દ્વારા તાલીમલક્ષી વ્યવસાય શરૂ કરાયા છે. રાજ્યમાં ૫૦૦ કૌશલ્યવર્ધક કેન્દ્રો કાર્યરત છે. રાજ્યમાં ઔદ્યોગિક અને સેવાક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે.

મેઘરજમાં બીએસએનએલ ઈન્સ્ટરનેટની સુવિધા વારંવાર ઠપ થઈ જતા પ્રજા ત્રાહિમામ

વારંવાર ઈન્ટરનેટ બંધ થઈ જતા બીએસએનએલ ગ્રાહકોમાં રોષની લાગણી

ઈસરી, તા. ૨

અરવલ્લી જિલ્લાના મેઘરજ નગરમાં આવેલ ભારત સંચાર નિગમ લીમીટેડની કચેરીમાં મુખ્ય ઓફિસની બેદરકારી અને લાપરવાહિથી મેઘરજમાં બીએસએનએલ ઈન્ટરનેટ વાપરતાં તમામ ગ્રાહકો વારંવાર બંધ થઈ જતી ઈન્ટરનેટની સમસ્યાને લઈને ત્રાહિમામ પોકારી ઉઠી છે. મેઘરજ નગરમાં બીએસએનએલના કુલ ૧૬૫ જેટલા ઈન્ટરનેટ કનેક્શનો આવેલા છે. અને આ તમામ કનેક્શનોમાં વારંવાર ઈન્ટરનેટની અસુવિધાથી આમ જનતાના કામો અને મેઘરજની તમામ સરકારી ઓફિસોમાં અગત્યના ઈન્ટરનેટ દ્વારા થતા તમામ સરકારી અને અર્ધસરકારી કામો સંપુર્ણ ઠપ થઈ જવા પામ્યા છે. આ ઈન્ટરનેટની અસુવિધા મેઘરજમાં લાંબા સમયથી થઈ રહી છે અને અસુવિધા અંગેની વારંવાર અસંખ્ય રજુઆતો કરવા છતાં બીએસએનએલ ઓફિસના તંત્રના પેટનું પાણી પણ હલતુ નથી અને વારંવાર ઉદભવતી ઈન્ટરનેટ સુવિધા બંધ થઈ જવાની સમસ્યાનું કોઈ જ નિરાકરણ આવતુ નથી.

અત્રે ઉલ્લેખનીય તો છે કે ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં આવતો હોય કે ન કરવામાં આવતો હોય, ઈન્ટરનેટ બંધ રહે કે ચાલુ રહે તેનાથી બીએસેનએલ તંત્રને કોઈ ચિંતા નથી ફક્ત ચિંતા હોય તો દર મહિને વગર ઈન્ટરનેટ વાપરે બીલ પેટે વસુલ કરવામાં આવતા નાણાંની છે.

મેઘરજ બીએસએનએલ ઓફિસમાં રૂબરૂ સંપર્ક કરતાં ત્યાંથી જાણવા મળ્યું હતું કે હિંમતનગર મુખ્ય ઓફિસમાંથી આ એકચેન્જને લગતી કોઈપણ નાની વસ્તુ મંગાવવી હોય અથવા કોઈ ટેકનીશીયનને મેઘરજ ઓફિસમાં બોલાવવાનો હોય તો પણ મેઘરજથી સ્પેશ્યલ ગાડી જાય ત્યારે જ આ વસ્તુ અથવા ટેકનીશીયન આવે છે તેથી મુખ્ય ઓફિસ હિંમતનગર દ્વારા પણ આવા ઓફિસના કામ અર્થે જતા કર્મચારીઓ માટે મુખ્ય ઓફિસ દ્વારા વ્હિકલની વ્યવસ્થા કરવામાં આવે તેવી આ મેઘરજ બીએસએનલ ઓફિસની માંગ છે. છેલ્લા બે અઢી માસથી ટીટીએની જગ્યા પણ ખાલી છે જો આ ઓફિસમાં અપુરતા સ્ટાફની વહિવટીતંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે ભરતી કરવામાં આવે તો આ અસુવિધાનો ભોગ બનતી પ્રજાને ચોક્કસ ન્યાય મળશે. આમ આ ઈન્ટરનેટ બંધ થઈ જવાની સમસ્યાનું સત્વરે નિરાકરણ લાવવામાં આવે તેવી મેઘરજની તમામ જનતાની ઉગ્ર માંગ છે.

પોશીના ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨

થરાદ મેમણ હેલ્થ એન્ડ મેડીકલ કમીટી દ્વારા પોશીના મુકામે ગત રોજ સર્વરોગ કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં ૪૫૦ દર્દીઓએ હિન્દુ-મુસ્લિમોએ લાભ લીધો હતો. જ્યારે ગરીબ દર્દીઓને ૯૦ ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ડૉ. એ.એ. મેમણ, ડૉ. એન.આર., ડૉ. લુકમાન, ડૉ. અલ્તાફ, ડૉ. ઈકબાલ, ડૉ. ફારૂક, ડૉ. રફિક, ડૉ. સોહિલ, ડૉ. ફકિર મહમંદ, ડૉ. હિદાયત, ડૉ. એફ.જે. ડૉ. એસ.એ. વગેરે હાજર રહી રોગોનું નિદાન કર્યું હતું.

લાયન્સ ક્લબ ઓફ હિંમતનગર ડીવાઈન તથા વિદ્યાનગરી કેમ્પસ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન રેડક્રોસ સોસાયટી હિંમતનગરના સહયોગથી થયેલ હતુ. જેમાં એમસીએ તથા બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ તથા શિક્ષકમિત્રો દ્વારા રક્તદાન એ મહાદાન છે તે સૂત્રને સાર્થક કરતા સર્વે લોકો આ કેમ્પમાં જોડાયેલ તથા બ્લડ ડોનેટ કરેલ. આ કાર્યક્રમમાં લાયન્સ ક્લબ પ્રમુખ બ્રિજેશ પટેલ, ડી.ઓફીસર તથા કેમ્પસ સંચાલક ડી.એલ. પટેલ, મંત્રી મોહનભાઈ નાયી, કાજલબેન દોશી, ભરત શાહ, પ્રીન્સીપાલ કે.એલ. પટેલ, પ્રો. પ્રકાશભાઈ, ડૉ. અરવિંદભાઈ તથા રેખાબેન ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા.

સંક્ષિપ્ત સમાચાર

ભિલોડાના વાઘેશ્વરી ઘાંટા પાસેથી વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાઘેશ્વરી ઘાંટા રોડથી ૮ કિલોમીટરના અંતરેથી વિદેશી દારૂ તેમજ બિયરનો રૂા.૬૪,૦૦૦/-નો ઝડપાયો. ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા મળતી માહિતી મુજબ તા.૨/૨/૨૦૧૬ ને બપોરે ૧:૩૦ ના સુમારે વાઘેશ્વરી ઘાંટા રોડથી ૮ કિલોમીટરના અંતરે (૧) વિજયકુમાર બાબુભાઈ ડામોર (૨) પોપટભાઈ ધુળાભાઈ નિનામા પોતાના કબજાની મેક્સ જીપ ગાડી નંબર.જી.જે.૨. બી. એચ. ૮૯૦ માં ગેરકાયદેસર રીતે વગર પાસ પરમીટે પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂ તેમજ બીયરના ટીન કુલ ૩૨૨ જેની કુલ કિંમત રૂા. ૬૪,૦૦૦/- તેમજ મેક્સ જીપની કિંમત રૂા. ૨,૦૦,૦૦૦/- જે મળી રૂા. ૨,૬૪,૦૦૦/-નો મુદ્દામાલ કબજે કરેલ છે તેમજ ધારાધોરણની કાર્યવાહી કરી આ બાબતે વધુ તપાસ આરંભી છે.

ધોલવાણી ગામે યુવતી ગુમ થતાં પોલીસ ફરિયાદ

ભિલોડા, તા.૨

ભિલોડા નજીકના ધોલવાણી ગામે તા.૧૫/૧/૦૧૬ ના રોજ સવારે ૧૧: ૦૦ થી ૨:૦૦ ના સમય દરમ્યાન અંબિકાબેન ભીખાભાઈ પાંડોર, ઉં.વ.૨૨, રહે.ધોલવાણી તેઓ કોઈ પણ અગમ્ય કારણોસર ઘરમાં કોઈને પણ કહ્યા વગર નીકળી ગયેલ છે. છેલ્લા કેટલાય દિવસોથી સગેવ્હાલે તપાસ કરવા છતાં કોઈ જગ્યાએ પત્તો ના મળતાં ભિલોડા પોલીસ સ્ટેશને જાણ કરેલ હોવાનું જાણવા મળેલ છે.

કુંડોલ-પાલ ગામના આધેડે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી

ભિલોડા,તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કુંડોલ-પાલ ગામના આધેડે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. પ્રહલાદભાઈ પરમારના જણાવ્યા મુજબ કુંડોલ-પાલ ગામના હિરાજી કાવાજી પાંડોર, ઉં.વ.૭૦ અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવતાં તબીયત લથડતાં સારવાર અર્થે હિંમતનગર પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયા હોવાનું જાણવા મળેલ છે. ભિલોડા પોલીસે જાણવા જોગ દાખલ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

ખેડબ્રહ્મા કોલેજ દ્વારા શૈક્ષણિક પ્રવાસનું આયોજન

ડી.ડી. ઠાકર આર્ટસ અને કે.જે. પટેલ કોમર્સ કોલેજ તથા ડીઆઈએમએસ ઈન્સ્ટીટ્યુટ ઓફ હોટેલ મેનેજમેન્ટ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે હોસ્પિટાલીટી મેનેજમેન્ટ કોર્સના ભાગરૂપે ડીઆઈએમએસ ખાતે કોલેજના ૬૪ વિદ્યાર્થીઓને આવરીનેપ્રવાસનુંઆયોજન કરાયું હતું. જે અંતર્ગત હોસ્પિટાલીટી મેનેજમેન્ટ કોર્સ સંદર્ભે પ્રેક્ટીકલ જ્ઞાન ફેકલ્ટી દ્વારા અપાયું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓને કાંકરિયાદર્શન પણ કરાવ્યું હતું. પ્રવાસ સંદર્ભે પ્રિ.એન. ડી. પટેલે સતત માર્ગદર્શન આપ્યુહતુ. જ્યારે આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. જે. પી. દેવડા, ડૉ. રોહિત દેસાઈ, હરપાલસિંહ ચૌહાણ અને ડૉ. દિલીપ સોંદરવાએ કર્યું હતું.